# "નારાયણ" નામ-સ્મરણની બાબતમાં મહામના માલવીયાજીનો અનુભવ

પ્રાત:સ્મરણીય, પૂજયપાદ, મહામના, શ્રી માલવિયાજી સાથે મારો પરિચય લગભગ ઈ. સ. ૧૯૦૬થી થયો હતો. તે વખતે હું કલકત્તામાં રહેતો હતો. જયારે જયારે તે કલકત્તા આવતા, ત્યારે હું તેમનાં દર્શન કરવા જતો. શરૂથી માંડીને અંત સુધી, મારા પર તેમની પરમ કૃપા હતી, અને તે ઉત્તરોત્તર વધતી ગઈ. તેમની સાથે મારે કુટુંબ જેવો સંબંધ બની ગયો હતો. તે મને તેમનો એક પુત્ર માનવા લાગ્યા હતા, અને હું તેમને પરમ આદરણીય પિતા કરતાં પણ વધારે માનતો હતો. તેથી હું તેમને 'પંડિતજી' એવું સંબોધન ન કરતાં, હંમેશાં 'બાબુજી' કહીને જ બોલાવતો. એક વાર તે ગોરખપુર પધાર્યા હતા, અને બે-ત્રણ દિવસ મારી પાસે જ રહ્યા હતા. તેમના પધાર્યાને બીજે દિવસે હું તેમનાં ચરણો પાસે જ બેઠો હતો. એ એકલા હતા. બહુ સ્નેહ-પૂર્વક તે બોલ્યા - ભાઈ, હું તમને આજે એક દુર્લભ તથા બહુ કિંમતી વસ્તુ આપવા માગું છું, મેં તે વસ્તુને મારી માતા પાસેથી વરદાન-રૂપે પ્રાપ્ત કરી છે છે. તે બહુ અદ્‌ભુત વસ્તુ છે. આજ સુધી મેં તે કોઈને આપી નથી, તમને આપી રહ્યો છું. દેખાવમાં તે બહુ નાની લાગશે, પણ તે છે મહાન વરદાન-રૂપ. આ પ્રમાણે લગભગ અડધા કલાક સુધી તે વસ્તુની મહત્તા ઉપર તે બોલતા ગયા. મારી જિજ્ઞાસા વધતી ચાલી. હું આતુરતા પૂર્વક બોલ્યો બાબુજી, જલ્દી આપો; કોઈક આવી ચઢશે.

ત્યારે તે બોલ્યા-લગભગ ચાલીશ વર્ષ પહેલાંની વાત છે. એક દિવસ હું મારાં માતાજીની પાસે ગયો, અને બહુ વિનય-પૂર્વક મેં તેમની પાસે આ વરદાન માગ્યું કે-તમે મને એવું વરદાન આપો કે જેથી હું જયાં જાઉં, ત્યાં સફળતા પ્રાપ્ત કરું.

**માતાજીએ સ્નેહ-પૂર્વક મારા પર હાથ મૂકયો અને બોલ્યાં, બેટા, હું તને બહુ દુર્લભ વસ્તુ આપી રહી છું. તું ગમે ત્યાં જાય, ત્યારે જતી વખતે ચાર વખત 'નારાયણ-નારાયણ' ઉચ્ચારણ કરજે. તું સદા સફળ થઈશ. મેં શ્રદ્ધાપૂર્વક માથે ચઢાવીને માતાજી પાસેથી તે મંત્ર લીધો. હનુમાનપ્રસાદ, મને યાદ છે કે-જયારે બહાર જતાં હું 'નારાયણ-નારાયણ' ઉચ્ચાર કરવાનું ભૂલી ગયો છું, ત્યારે હું અસફળ બન્યો છું. તે સિવાય, ચાર વખત 'નારાયણ-નારાયણ' ઉચ્ચારણ કરવાથી, હું મારા જીવનમાં કદી અસફળ થયો નથી. આજે મારી માતાએ આપેલી, પરમ દુર્લભ વસ્તુ હું તને આપી રહ્યો છું. તું તેનાથી લાભ ઉઠાવજે. 'નારાયણ-નારાયણ' નામ-સ્મરણ, મનન, ચિંતન હંમેશાં ઉદ્ધાર કરશે.**

એમ કહીને મહામના માલવીયાજી ગદ્‌ગદ્ બની ગયા. મેં તેમના વરદાનને માથે ચઢાવીને સ્વીકારી લીધું, અને તેના વડે ખૂબ લાભ ઉઠાવ્યો.

TIRANGA તિરંગા ઈન ન્યુ જર્સી IN NEW JERSEY

- હનુમાનપ્રસાદ પોદાર.